॥ શ્રી માણીભદ્રવીરાય નમઃ ॥

# શ્રી જૈન વીસા ઓશવાળ ક્લબ

શ્રી જેઠાભાઈ ગુલાબચંદ જ્ઞાતિભુવન, શ્રેયસ ફાઉન્ડેશનની બાજુમાં, આંબાવાડી, અમદાવાદ.
ફોન : ૨૬૬૪૦૪૧૧, ૨૬૬૪૪૧૯૦

## બેન્કવેટ (બેઝમેન્ટ) / પટાંગણ / કોમ્યુનિટી હોલ વાપરવા અંગેનું અરજી ફોર્મ

તારીખ : .........................

સભ્યપદ નં. :

નીચે દર્શાવેલ હેતુ માટે વાપરવા માટે હું અરજી કરું છું. આ અંગેના નિયમો મેં વાંચ્યા છે અને તેનું પુરેપૂરું પાલન કરવા હું બંધાઉ છું. આકસ્મિક સંજોગોવસાત કોઈપણ અગવડ કે કોઈપણ સેવાઓ ઉપલબ્ધ ના હોય તો અમો ચલાવી લેવાની શરતે **પટાંગણ / બેઝમેન્ટ / કોમ્યુનિટી હોલ** બુક કરાવીએ છીએ.

૧. વાડી વાપરનાર સભ્યનું પુરું નામ : ______________________

સરનામું : ______________________

______________________

ટેલિફોન નં. રહે ____________ ઓ. ____________ મોબાઈલ નં. ____________

E-mail : ______________________

૧A. બેઝમેન્ટ / પટાંગણ / કોમ્યુનિટી હોલ — ડીપોઝીટ નં. ____________

૨. ૧. લગ્ન પ્રસંગ દીકરો/દીકરી ૫. ધાર્મિક પ્રસંગ - જમણવાર — રોકડા / ચેક નં. ____________

૨. રીસેપ્શન ૬. બર્થ ડે પાર્ટી — રકમ ____________

૩. એંગેજમેન્ટ ૭. સંગીત સંધ્યા — ____________

૪. રીંગ સેરેમની ૮. અન્ય પ્રસંગ (સ્પેશીફાઈ કરવું) — બેંકનું નામ ____________

૩. વપરાશનો હેતુ ____________ વપરાશની તારીખ ____________ તિથી ____________

વાડી બુક કરાવનારે એક કંકોત્રી રેકર્ડ માટે આપવાની રહેશે. — બુકીંગ કરાવનારની સહી ____________

૪. રસોડું વાપરવાનું છે ? હા / ના — માનદ્ સેક્રેટરીની સહી ____________

૫. આગલી રાત્રે રસોડાનો કબજો જરૂરી છે ? હા / ના — વાડી ચેરમેનની સહી ____________

૬. રાત્રે ૧૨-૦૦ કલાક પહેલાં રસોડાનો કબજો મળી શકશે નહીં તથા રાત્રે ૧૦-૦૦ કલાક પહેલાં રસોડું તથા વાડીનો કબજો પરત કરવાનો રહેશે. સામાન્ય રીતે વાડી વપરાશનો સમય **સવારનાં ૬.૦૦ થી રાત્રિના ૧૦.૦૦ વાગ્યાનો રહેશે.**

૭. શ્રી જૈન વીસા ઓશવાળ જ્ઞાતિનાં કોઈપણ સભ્યે વાડીનો ઉપયોગ પોતાના કુટુંબ માટે જ કરવાનો રહેશે.

૮. **જ્ઞાતિનાં સભ્યનું વાડીનું બુકીંગ ૧૨૦ દિવસ પહેલાં કરાવવાનું રહેશે. ત્યારબાદ વાડીનું બુકીંગ અન્ય કોઈનું થયેલ નહીં હોય તો જે તેઓને બુક કરવાનો હક્ક રહેશે.**

૯. જ્ઞાતિનાં સભ્યનો પુત્ર જો પરજ્ઞાતિમાં પરણે તો વાડીનો ચાર્જ પરજ્ઞાતિનો નક્કી કરેલ ચાર્જ મુજબ આપવાનો રહેશે. પરંતુ જ્ઞાતિનાં સભ્ય હોવાથી તેઓ ગમે તેટલા દિવસ પહેલાં વેવાઈ માટે બુકીંગ કરાવી શકશે અને પરજ્ઞાતિનાં ચાર્જ પ્રમાણ નકરો ભરવાનો રહેશે.

૧૦. વાસણો તથા સર-સામાન, વગેરે મુકરર તારીખથી **૩૦ દિવસ પહેલાં નોંધણી કરાવી જવાની રહેશે.** જો આમ કરવામાં નહીં આવે તો સંસ્થા પાસે જે સર-સામાન હશે તે જ વાપરવા મળી શકશે. બાકીનો રસસામાન વગેરે જે જરૂરિયાત હોયતે સંસ્થાના મુકરર કરેલ ડેકોરેટર્સ પાસેથી માન્ય કરેલા ભાવથી મળી શકશે. **તે સિવાય બહારથી લાવી શકાશે નહીં.**

૧૧. નોંધાવેલ ચીજ-વસ્તુઓ ઉપયોગ કરવાનાં દિવસે એકી સાથે ડીલીવરી લઈ લેવાની રહેશે. એકથી વધારે વખત ડીલીવરી માટે રૂા. ૨૫/- વધારાનો સર્વિસ ચાર્જ દરેક વખત આપવો પડશે.

૧૨. વાસણો તથા સર-સામાન વાપરો જે કાંઈ નોંધાવેલ હશે તેનો ચાર્જ પુરેપૂરો લેવામાં આવશે.

૧૩. વાડી બહાર વાસણો કે સર-સામાન ઘર વપરાશ માટે લઈ જવાનો હશે તો તેની નક્કી કરેલ ચાર્જ તથા ડીપોઝીટની રકમ અલગ, વાડી કમિટી નક્કી કરે તે ભરવાની રહેશે. લઈ ગયેલ વાસણો કે સરસામાન પ્રસંગ જે દિવસે હોય તે દિવસ પતે પછી તરત જ પરત કરવાનાં રહેશે. કયા પ્રસંગ માટે અને કેટલા સમય માટે ચીજ-વસ્તુ જોઈએ છે તે ફોર્મમાં જણાવવાનું રહેશે. નોંધાવ્યા પછી સરસામાન **કેન્સલ ન કરતા ભાડુ પુરું લેવામાં આવશે.**

૧૪. પૂર્વ તૈયારી માટે આગલા દિવસે જો વાડીનો ઉપયોગ કરવાનો હશે તો ખાલી હશે તો રૂા. ૧૧૦૦/- અલગ ભરવાના રહેશે.

૧૫. પૂર્વ તૈયારી માટે રસોડું વાપરવું હશે તો એનો ચાર્જ લેવામાં આવશે. રૂા. ૫૦૦/- વાપરનાર દરેક માટે

૧૬. લગ્નપ્રસંગ હોય તો દીકરા / દીકરીના પરજ્ઞાતિ **પટાંગણ અને કોમ્યુનિટિ હોલનું** બુકીંગ અનુક્રમ પ્રમાણે કરાવી શકશે. **પરંતુ તેનું કન્ફરમેશન ૧૨૦ દિવસ બાદ મળશે જ્ઞાતિના સભ્યને પહેલા પ્રેફરન્સ રહેશે.**

૧૬. **વાડી** ઉપર મુકરર કરેલી વીજળીની બત્તીઓ વાપરવા સારુ આપવામાં આવશે. વધારાની વીજળી સુવિધાઓ જોઈતી હશે તો તેઓ એ તેનું ફીટીંગ્સ સંસ્થાએ મુકરર કરેલ ઈલેક્ટ્રીશીયન મારફતે જ કરાવવાનું રહેશે. આ માટેનો ચાર્જ અલગ આપવાનો રહેશે અને અગાઉથી જાણ કરવાની રહેશે.

૧૭. **વાડી** ઉપર માઈક, લાઉડસ્પીકર, રેકોર્ડ પ્લેયર વિગેરે અંગેની ગોઠવણ કરવાની હશે તો સંસ્થા મારફતે જ કરાવવાની રહેશે અને તેનો ચાર્જ અલગ આપવાનો રહેશે.

૧૮. **વાડીમાં શાકાહારી ભોજન જ પીરસી શકાશે.** શાકાહારી સિવાય (જૈન ધર્મમાં મનાઈ કરાવેલ) અન્ય વસ્તુ રાંધી શકાશે નહીં કે પિરસી શકાશે નહીં. **કંદમૂળ, મદ્યપાન કે આલ્કોહોલિક પદાર્થ વાપરી શકાશે નહીં તથા અસામાજિક પ્રવૃત્તિ સંકુલ ઉપર થઈ શકશે નહીં.**

૧૯. **વાડી નોંધાવ્યા પછી જો તે તારીખે ન વાપરવામાં આવે તો પણ તેનો તે દિવસનો ચાર્જ ભરવાનો રહેશે.**

૨૦. ધાર્મિક પ્રસંગ ગાવા અથવા સંગીત સંધ્યા માટે જો પટાંગણ ખાલી હશે તો વાપરવા આપવામાં આવશે. તેનો ચાર્જ રૂા. ૧૦૦૦/- ભરવાનો રહેશે અને તેનો ઉપયોગ સવારનાં ૮.૦૦ થી ૧૨.૦૦ અને સાંજના ૭.૦૦ થી રાત્રેનાં ૧૦.૦૦ વાગ્યા સુધી જ કરવામાં દેવામાં આવશે.

૨૧. વાડી વાપરવા રાખ્યા પછી કોઈપણ જાતની તકરાર પડે અંગર વાંધો ઉભો થાય તો તે અંગે વિગતવાર અરજી કરવાની રહેશે. **વાડી કમિટિનો નિર્ણય આખરી ગણાશે. જે બંધનકર્તા રહેશે.**

૨૨. વાડી વપરાશ દરમ્યાન કે મ્યુ. કાયદા કાનૂન વિરુદ્ધ વર્તન કરવું નહીં તેમાં કસુર થયેલ આપેલ પરમીશન રદ કરી વપરાશ અટકાવવામાં આવશે અને આ અંગે થતી નુકશાની વસુલ કરવામાં આવશે. આ અંગે સંસ્થા જવાબદાર રહેશે નહીં. વાપરનારની સંપૂર્ણ જવાબદારી રહેશે.

૨૩. વાસણો વિગેરે સાફ કરી પરત કરવાનાં રહેશે. ઘટ માલ કે નુકશાન થયેલ ચીજવસ્તુની મુકરર કરેલ કિંમત ચુકવવાની રહેશે.

૨૪. પટાંગણ / બેન્કવેટ હોલ સફાઈ ચાર્જ રૂા. ૫૦૦/૭૫૦ આખા દિવસ માટે એક સરખો આપવનો રહેશે.

૨૫. ત્રણે મીટરમાં જેટલા યુનિટ વિજળી વપરાય તેનાં યુનીટ દીઠ રૂા. .................... સર્વિસ ચાર્જ અંકે રૂપિયા ...................... અગર વપરાશનાં દિવસે વાડી કમિટીએ નક્કી કરેલ દર પ્રમાણે ચાર્જ આપવાનો રહેશે. હોલનો કબજો લેતી વખતે અને પરત કરતી વખતે ત્રણ મીટરનું રીડીંગ નોંધી લઈ કન્ફરમેશન લઈ લેવાનું રહેશે. **પાછળથી રીડીંગ બાબતે કોઈ તકરાર ચાલશે નહીં.**

૨૬. વાડીનું બુકીંગ જેણે કરાવ્યું હશે તે પોતાના પ્રસંગ માટે જ વાપરી શકશે. બીજાને વાપરવા આપી શકાશે નહીં.

૨૭. વખતો વખત ઉપરોક્ત નિયમોમાં જરૂરી ફેરફાર **વાડી કમિટિ કરી શકશે જે વાપરનારને બંધનકર્તા રહેશે.**

૨૮. સંસ્થાનાં મકાનને કે અન્યને નુકશાન થાય તો તે ભરપાઈ કરવાનું રહેશે.

૨૯. ઉપરનાં કોઈપણ નિયમનો ભંગ કરનાર સામે વાડી કમિટિ જરૂરી પગલાં લઈ શકશે.

**૩૦. વાડી બુકીંગ સાથે નક્કી કરેલ નકરો ભરવાનો રહેશે. ડીપોઝીટની રકમ વપરાશની તારીખથી પછીનાં ૧૫ દિવસ પછી હિસાબ સમજી પરત આપવામાં આવશે. ડિપોઝીટની રકમ ૧ મહિના પહેલા ભરવાની રહેશે.**

૩૧. ભુદરપુરા ચાર રસ્તાથી આગળ ફટાકડા / દારૂખાનું ફોડી શકાશે નહીં. ધાર્મિક નિષેધ છે.

૩૨. સંકુલમાં પાન ખાઈ થુંકનારનો રૂા. ૫૦૦/- દંડ સફાઈ માટે લેવામાં આવશે.

૩૩. વાહનો બાજુના પ્લોટમાં વ્યવસ્થિત રીતે પાર્ક કરવાના રહેશે.

૩૪. કમિટિએ સમય સમયે ડીપોઝીટ દર તથા નકરો વધે તો તુરંત અમલમાં આવશે અને એ પાર્ટીને બંધનકર્તા રહેશે.

૩૫. સિક્યોરીટી સંસ્થા પાસેથી ફરજીયાત લેવાની રહેશે.

૩૬. સંજોગોવસાત વાડીનું બુકીંગ કેન્સલ કરાવવામાં આવશે તો નકરાની રકમ પૂરેપુરી જશે. તેનો છેલ્લો નિર્ણય વાડી કમિટિ કરશે.

૩૭. ઉપરના નિયમો **મેં વાંચ્યા છે અને તે અમોને સંપૂર્ણ બંધનકર્તા અને કબુલ મંજુર છે.**

**નોંધ :** પટાંગણમાં, કોમ્યુનિટિ હોલમાં તથા બેન્કવેટ હોલમાં ઈલેક્ટ્રીસીટી ચાર્જીસ ૧ યુનિટ = ૨ યુનિટનો સંસ્થાએ માન્ય કરેલ ભાવ આપવાનો રહેશે.

બુકીંગ કરાવનારની સહી :

સંપર્ક ફોન નંબરો :

તા.